Adda247



| | |
|---|---|
| 101 | ભારતની મહત્વની કઈ ઋતુ ગણાય છે ?<br>(A) શીતઋતુ (B) ગ્રીષ્મઋતુ (C) નિવર્તન ઋતુ (D) વર્ષાઋતુ |
| 102 | ભારતમાં એશિયાઈ સિંહ અને ઘુડખર ક્યાં જોવા મળે છે ?<br>(A) મધ્યપ્રદેશ (B) ગુજરાત (C) મહારાષ્ટ્ર (D) ઉત્તર પ્રદેશ |
| 103 | ચીડના લાકડામાંથી અને ચીડના રસમાંથી શું બને છે ?<br>(A) લાકડાની હોડી અને તેલ (B) ફર્નિચર અને લાખ<br>(C) રમત-ગમતના સાધનો અને ટર્પેન્ટાઈન (D) ટોપલીઓ અને સુગંધી તેલ |
| 104 | જાહેર વિતરણ પ્રણાલીને વધુ સુદૃઢ બનાવવા નવી કઈ બાબત અમલમાં મૂકી છે ?<br>(A) બાયોમેટ્રીક ઓળખ (B) ચૂંટણી ઓળખપત્ર<br>(C) ડ્રાઈવિંગ લાયસન્સ (D) એ.ટી.એમ. કાર્ડ |
| 105 | કયા શહેરને 'ડેનિમ સિટી ઓફ ઈન્ડિયા' કહે છે ?<br>(A) કોલકત્તા (B) આગ્રા (C) ગ્વાલિયર (D) અમદાવાદ |
| 106 | નીચેના પૈકી કઈ જોડી સાચી છે ?<br>(A) રૂદ્ર મહાલય - અમદાવાદ (B) મુનસર તળાવ - વિરમગામ<br>(C) સહસ્રલિંગ તળાવ - વડોદરા (D) સૂર્યમંદિર - ચાંપાનેર |
| 107 | નીચેનામાંથી કઈ કૃતિ કાલિદાસની નથી ?<br>(A) વિક્રમોર્વશીયમ્ (B) માલવિકાગ્નિ મિત્રમ્ (C) નાટ્યશાસ્ત્ર (D) અભિજ્ઞાન શાકુંતલમ્ |
| 108 | જોડકાં જોડી સાચો ક્રમ પસંદ કરો.<br>(1) પટ્ટદલક (A) ચોલવંશ<br>(2) ખજૂરાહો (B) ગંગવંશ<br>(3) કોણાર્ક સૂર્ય મંદિર (C) ચંદેલરાજાઓ<br>(4) બૃહદેશ્વર (D) ચાલુક્ય વંશ<br>(A) 1-D,2-B,3-A,4-C (B) 1-D,2-C,3-B,4-A (C) 1-B,2-D,3-A,4-C (D) 1-C,2-A,3-B,4-D |
| 109 | જેના પ્રાપ્તિસ્થાનો મર્યાદિત હોય તેવા ખનીજો ...<br>(A) વિરલ સંસાધન (B) સર્વસુલભ સંસાધન<br>(C) અંકલ સંસાધન (D) સામાન્ય સુલભ સંસાધન |
| 110 | નીચેનામાંથી કયો પાક તેલીબિયા નથી ?<br>(A) તલ (B) એરંડા (C) અળસી (D) તુવેર |
| 111 | નીચેની બહુહેતુક યોજનાઓને તેના લાભાન્વિત રાજ્યો સાથે જોડી યોગ્ય ક્રમ પસંદ કરો.<br>(1) ભાખરા-નાંગલ (A) બિહાર<br>(2) કોસી (B) પંજાબ<br>(3) નાગાર્જુન સાગર (C) ગુજરાત<br>(4) નર્મદા (D) આંધ્રપ્રદેશ<br>(A) 1-B,2-A,3-C,4-D (B) 1-B,2-A,3-D,4-C (C) 1-D,2-A,3-B,4-C (D) 1-C,2-D,3-A,4-B |

| | |
|---|---|
| 112 | ભારતમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીની સત્તાનો પાયો કયા યુદ્ધથી નખાયો ?<br>(A) બક્સરનું યુદ્ધ (B) પ્રથમ મરાઠા વિગ્રહ<br>(C) દ્વિતીય મૈસુર વિગ્રહ (D) પ્લાસીનું યુદ્ધ |
| 113 | અમેરિકા દ્વિતીય વિશ્વયુદ્ધમાં શા કારણથી જોડાયુ ?<br>(A) મિત્રરાષ્ટ્રોને મદદ કરવા<br>(B) જાપાને પર્લહાર્બર ખાતે આવેલા અમેરિકન નૌકાદળ પર આક્રમણ કરવાથી<br>(C) ધરીરાષ્ટ્રોને મદદ કરવા<br>(D) રાષ્ટ્રસંઘને મજબૂત કરવા |
| 114 | સંયુક્ત રાષ્ટ્રોની સલામતી સમિતિમાં કાયમી સભ્યો કેટલા છે ?<br>(A) પાંચ (B) ચાર (C) ત્રણ (D) છ |
| 115 | હિન્દી રાષ્ટ્રીય મહાસભાએ પ્રથમવાર સ્વાતંત્ર્ય દિનની ઊજવણી ક્યારે કરેલ ?<br>(A) 15 ઓગષ્ટ,1930 (B) 26 જાન્યુઆરી 1929 (C) 26 જાન્યુઆરી 1930 (D) 15 ઓગષ્ટ,1929 |
| 116 | કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સત્તાની સ્પષ્ટ વહેંચણી થઈ ન હોય તેવા વિષયનો સમાવેશ શેમાં કરવામાં આવ્યો છે?<br>(A) સંઘ યાદીમાં (B) શેષસત્તાઓમાં (C) રાજ્યોની યાદીમાં (D) સંયુક્ત યાદીમાં |
| 117 | પ્રમુખ ગોર્બોચોવની ઉદાર મતવાદી નીતિને કારણે શું થયુ ?<br>(A) સોવિયત યુનિયનમા સામ્યવાદી પક્ષની પકડ મજબૂત બની.<br>(B) લાલસેના મજબૂત બની.<br>(C) સોવિયત સંઘના ઘટક રાજ્યો સંઘ સાથે જોડાયેલા રહ્યા.<br>(D) સોવિયત યુનિયનનું શાંતિપૂર્ણ વિઘટન થયુ. |
| 118 | બંધારણના આત્મા સમાન કયો મૂળભૂત હક છે ?<br>(A) બંધારણીય ઈલાજનો હક (B) સમાનતાનો હક<br>(C) સ્વતંત્રતાનો હક (D) શોષણ સામેનો હક |
| 119 | બંધારણમાં ધારાસભા અને કારોબારી પર નિયંત્રણ મૂકવાની કેટલીક સત્તાઓ કોને સ્થાપવામાં આવી છે ?<br>(A) વડાપ્રધાનને (B) રાષ્ટ્રપતિને (C) ન્યાયતંત્રને (D) ઉપરાષ્ટ્રપતિને |
| 120 | સર્વોચ્ચ અદાલતના ન્યાયાધિશોની નિમણૂક કોણ કરે છે ?<br>(A) વડાપ્રધાન (B) રાષ્ટ્રપતિ (C) ઉપરાષ્ટ્રપતિ (D) ટ્રિબ્યુનલ |
| 121 | ભારતની ઉત્તરની ઊંચી પર્વત શ્રેણીઓ લંબાઈમાં કઈ દિશામા પથરાયેલી છે ?<br>(A) પશ્ચિમથી પૂર્વ દિશામા (B) પશ્ચિમથી ઉત્તર દિશામા<br>(C) પૂર્વથી દક્ષિણ દિશામાં (D) ઉત્તરથી દક્ષિણ દિશામા |
| 122 | કયા મેદાનોને અનાજનો ભંડાર કહેવામા આવે છે ?<br>(A) દક્ષિણના ઉચ્ચ પ્રદેશને (B) પૂર્વના નદીમુખ પ્રદેશને<br>(C) રાજસ્થાનના પશ્ચિમના મેદાનમાં (D) ઉત્તરના કાંપના મેદાનને |
| 123 | કયા જંગલને નિત્ય લીલા જંગલો કહે છે ?<br>(A) ઉષ્ણ કટિબંધીય કાંટાળા જંગલો (B) ઉષ્ણ કટિબંધીય ખરાઉ જંગલો<br>(C) ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલો (D) સમશીતોષ્ણ કટિબંધીય જંગલો |

Adda247

| | |
|---|---|
| 124 | નીચેનામાંથી કયુ સંસાધન પુનઃ પ્રાપ્ય નથી ?<br>(A) કોલસો (B) પવન ઊર્જા (C) સૌર ઊર્જા (D) ભૂતાપીય ઊર્જા |
| 125 | આર્થિક રીતે ભારત કેવો દેશ છે ?<br>(A) પછાત (B) વિકાસશીલ (C) વિકસિત (D) ગરીબ |
| 126 | બેરોજગારી નિવારણ માટે કઈ સરકારી સંસ્થા નોકરીદાતાને મદદ કરે છે ?<br>(A) શ્રમ મંત્રાલય (B) ગ્રામ પંચાયત<br>(C) રોજગાર વિનિમય કચેરી કેન્દ્ર (D) શિક્ષણ મંત્રાલય |
| 127 | ભારતનો સૌથી લાંબો રેલ માર્ગ કયા બે સ્થળોને જોડે છે ?<br>(A) કાશ્મીરથી કન્યાકુમારી (B) સિમલાથી કન્યાકુમારી<br>(C) પઠાણ કોટથી કન્યાકુમારી (D) દિબ્રુગઢથી કન્યાકુમારી |
| 128 | નીચેનામાંથી કઈ ખનીજ અધાતુમય છે ?<br>(A) એસ્બેસ્ટોસ (B) સોનું (C) ચાંદી (D) પ્લેટિનમ |
| 129 | નીચે આપેલા પાકોમાંથી ધાન્ય પાક શોધો.<br>(A) વાલ (B) વટાણા (C) મસૂર (D) જવ |
| 130 | ભારતનાં આ ઐતિહાસિક સ્થળોને ઉત્તરથી દક્ષિણના ક્રમમાં ગોઠવતાં કયો ક્રમ સાચો ગણાય ?<br>(A) તાજમહલ, ખજુરાહો મંદિર, બૃહદેશ્વર મંદિર, ઈલોરાની ગુફા<br>(B) ઈલોરાની ગુફાઓ, તાજમહલ, ખજુરાહો મંદિર, બૃહદેશ્વર મંદિર<br>(C) તાજમહલ, બૃહદેશ્વર મંદિર, ખજુરાહો મંદિર, ઈલોરાની ગુફાઓ<br>(D) તાજમહલ, ખજુરાહો મંદિર, ઈલોરાની ગુફાઓ, બૃહદેશ્વર મંદિર |

Adda247

## પ્રશ્ન નં.131 થી 170 (દરેકના 1 ગુણ)

| | |
|---|---|
| 131 | કાળી જમીન બીજા કયા નામે ઓળખાય છે ?<br>(A) પડખાઉ જમીન (B) પીટ પ્રકારની જમીન (C) રેગુર જમીન (D) રણની જમીન |
| 132 | ભારતના જંગલોમાંથી કયો વન્ય જીવ નષ્ટ થઈ ચૂક્યો છે ?<br>(A) સિંહ (B) ગેંડો (C) હાથી (D) ચિત્તો |
| 133 | એલ્યુમિનિયમની કાચી ધાતુ કઈ છે ?<br>(A) બોક્સાઈટ (B) મેંગેનીઝ (C) તાંબુ (D) લોહ અયસ્ક |
| 134 | ભારતનું ક્યુ નગર 'સિલિકોન વેલી' તરીકે જાણીતું બન્યુ છે ?<br>(A) નાગપુર (B) બેંગાલુરૂ (C) ઉદયપુર (D) ઈંદોર |
| 135 | કઈ પદ્ધતિને મુક્ત અર્થતંત્ર કહે છે ?<br>(A) સમાજવાદી પદ્ધતિ (B) રાજાશાહી (C) મિશ્ર અર્થતંત્ર (D) બજાર પદ્ધતિ |
| 136 | જૂથચર્ચા પદ્ધતિની મર્યાદા સૂચવે છે ?<br>(A) અધ્યયન અસરકારક બને છે. (B) જૂથના તમામ અધ્યેતાઓ સક્રિય બનતા નથી.<br>(C) વિષયવસ્તુની ઉંડાણપૂર્વકની માહિતી મળે છે. (D) જ્ઞાન ચિરસ્થાયી બને છે. |
| 137 | માઈક્રોટિચિંગ શબ્દનો સૌ પ્રથમ ઉપયોગ કોણે કર્યો હતો ?<br>(A) ડવાઈટ એલન (B) સોક્રેટિસ (C) સિગમંડ ફ્રોઈડ (D) નેડ ફ્લેન્ડર્સ |
| 138 | શૈક્ષણિક હેતુઓનું વર્ગીકરણ કોના દ્વારા રજૂ કરવામાં આવ્યું ?<br>(A) જે.બી.વૉટ્સન (B) ડૉ.બી.કે.પાસી (C) બેન્જામિન બ્લૂમ (D) પ્રો.નેડ ફ્લેન્ડર્સ |
| 139 | પ્રશિક્ષણાર્થી વિવિધ શૈક્ષણિક પદ્ધતિ ઉપર પ્રભુત્વ મેળવે તે માટે અભ્યાસક્રમમાં શાનો સમાવેશ કરવામાં આવ્યો છે ?<br>(A) માઈક્રોપાઠ (B) સેતુપાઠ (C) સિમ્યુલેશન (D) છૂટો પાઠ |
| 140 | માઈક્રોટિચિંગના સોપાનો ક્રમમાં ગોઠવો ?<br>(1) પુન: આયોજન (2) પુન: શિક્ષણ (3) પ્રતિપોષણ (4) શિક્ષણ (5) પુન: પ્રતિપોષણ<br>(A) 4,3,2,1,5 (B) 2,4,5,3,1 (C) 4,3,1,2,5 (D) 4,3,1,5,2 |
| 141 | કઈ પદ્ધતિથી વિદ્યાર્થીઓની મૌલિક ચિંતન કરવાની ક્ષમતાને નુકસાન પહોંચે છે ?<br>(A) પ્રવચન પદ્ધતિ (B) જૂથ ચર્ચા પદ્ધતિ (C) નિદર્શન પદ્ધતિ (D) સ્વાધ્યાય પદ્ધતિ |
| 142 | શિક્ષણમાં સૌ પ્રથમ પ્રોજેક્ટ પદ્ધતિનો ઉપયોગ કરનાર કોણ હતા ?<br>(A) જ્હોન ડ્યૂઈ (B) બટલર (C) કિલ પેટ્રિક (D) બેન્જામિન બ્લૂમ |
| 143 | એક સંકલ્પના સમજાવવા માટે પહેલા શીખેલ અન્ય સંકલ્પનાને આધાર બનાવવામાં આવે, તેને શું કહેવાય છે ?<br>(A) વિહંગાવલોકન (B) અનુબંધ (C) પુનરાવર્તન (D) દઢીકરણ |
| 144 | પ્રમાણિકતા, નૈતિકતા, વફાદારી જેવા ગુણોના મૂલ્યાંકન માટે, મૂલ્યાંકનનું કયુ સાધન શ્રેષ્ઠ છે ?<br>(A) સામાજિકતામિતિ (B) પ્રસંગનોંધ (C) ઓળખયાદી (D) ક્રમમાપદંડ |
| 145 | નીચેના પૈકી કઈ લાક્ષણિકતા મનોવૈજ્ઞાનિક કસોટીની નથી ?<br>(A) વિશ્વસનીયતા (B) યથાર્થતા (C) તુલનાત્મકતા (D) પ્રમાણિતતા |

Adda247

146 ભારત આવવાના જળમાર્ગની શોધ કયા પોર્ટુગીઝ નાવિકે કરી ?

(A) બાર્થો લોમ્યુ ડાયઝ (B) વાસ્કો-દ-ગામા

(C) ક્રિસ્ટોફર કોલંબસ (D) અમેરિગો વેસ્પુચી

147 પ્રથમ વિશ્વયુદ્ધનું મુખ્ય કારણ કયુ હતું ?

(A) વર્સેલ્સની સંધિ (B) ફ્રાન્સ અને બ્રિટનની સંધિ

(C) લશ્કરવાદ (D) ફ્રેન્કફર્ટની સંધિ

148 આંતરરાષ્ટ્રીય અદાલતનું મુખ્ય મથક ક્યાં આવ્યું છે ?

(A) ન્યૂયોર્ક (B) મોસ્કો (C) હેગ (D) પેરિસ

149 ગુજરાતમાં સશસ્ત્ર ક્રાંતિની ભૂમિકા તૈયાર કરનાર પ્રથમ નેતા કોણ હતા ?

(A) છોટુભાઈ પુરાણી (B) અંબુભાઈ પુરાણી (C) અરવિંદ ઘોષ (D) સરદાર ભગતસિંહ

150 દાંડીકૂચ ક્યારે શરૂ થઈ હતી ?

(A) 12 એપ્રિલ, 1930 (B) 5 એપ્રિલ, 1930 (C) 12 માર્ચ, 1929 (D) 12 માર્ચ, 1930

151 દેશી રાજ્યોને ભારતીય સંઘમાં જોડાવા માટેનો મુખ્ય પ્રશ્ન કોણે ઉકેલ્યો ?

(A) ચક્રવર્તી સી. રાજગોપાલાચારી (B) સરદાર વલ્લભભાઈ પટેલ

(C) સુભાષચંદ્ર બોઝ (D) મોતીલાલ નેહરુ

152 ભારતીય બંધારણમાં કાયદા ઘડતર માટેનું માર્ગદર્શન શેમાંથી મળે છે ?

(A) આમુખમાંથી (B) સંઘ (કેન્દ્ર)ની યાદીમાંથી

(C) રાજ્યોની યાદીમાંથી (D) સંયુક્ત યાદીમાંથી

153 ભારતમાં કેન્દ્ર કક્ષાએ પ્રત્યક્ષ મતદાનથી ચૂંટાયેલા લોકોના પ્રતિનિધિઓ કયા ગૃહમાં હોય છે ?

(A) રાજ્યસભા (B) વિધાન પરિષદ (C) લોકસભા (D) વિધાનસભા

154 ઋતુ પ્રમાણે દિશા બદલતા પવનોને કયા પવનો કહે છે ?

(A) ભેજવાળા પવનો (B) મોસમી પવનો (C) સૂકા પવનો (D) સમશીતોષ્ણ પવનો

155 ભારતમાં વધુ વરસાદ માટે કયુ સ્થળ જાણીતુ થયુ છે ?

(A) શિલોંગ (B) ઈમ્ફાલ (C) ગુવાહાટી (D) મોસીનરમ

156 નીચેનામાંથી કઈ ભાષા દ્રવિડ કુળની નથી ?

(A) તમિલ (B) ગુજરાતી (C) તેલુગુ (D) કન્નડ

157 રાજસ્થાનનું બિકાનેર શહેર શાના માટે જાણીતુ છે ?

(A) જડતરકામ (B) જરીકામ (C) ધાતુકામ (D) કાષ્ટકલા

158 કયા વેદનો સબંધ સંગીત કલા સાથે છે ?

(A) ઋગ્વેદ (B) યજુર્વેદ (C) સામવેદ (D) અથર્વવેદ

159 બ્રહ્મગુપ્તે ગુરુત્વાકર્ષણના નિયમો કયા ગ્રંથમાં ઉલ્લેખિત કર્યા છે ?

(A) ધર્મ સિદ્ધાંત (B) ભક્તિ સિદ્ધાંત (C) કર્મ સિદ્ધાંત (D) બ્રહ્મ સિદ્ધાંત

160 નવઘણ કૂવો કયા શહેરમાં આવેલો છે ?

(A) જૂનાગઢ (B) રાજકોટ (C) પોરબંદર (D) જામનગર

Adda247

| | |
|---|---|
| 161 | પાઠ આયોજનથી અધ્યાપકને શું ફાયદો થાય છે ?<br>(A) સમય ઓછો પડે છે. (B) અધ્યાપકમાં આત્મવિશ્વાસ અને આત્મશ્રદ્ધા વધે છે.<br>(C) અધ્યાપન કાર્યમાં સાતત્યનો અભાવ. (D) અનુશાસનાત્મક સમસ્યાઓ ઉદ્ભવે. |
| 162 | પ્રશ્ન કૌશલ્ય દરમ્યાન વિદ્યાર્થીઓના અધૂરા ઉત્તરોને પૂર્ણ કરવા માટે પૂછેલા પ્રશ્નના અનુસંધાનમાં અન્ય પ્રશ્નો પૂછવામા આવે તેને કયા પ્રશ્નો કહેવામાં આવે છે ?<br>(A) વિચારપ્રેરક પ્રશ્નો (B) પૂર્તિ પ્રશ્નો (C) દૃઢીકરણના પ્રશ્નો (D) ધ્યાનાકર્ષણના પ્રશ્નો |
| 163 | મુદ્રિત સામગ્રીના અર્થને ધ્વનિયુક્ત ઉચ્ચાર સિવાય ગ્રહણ કરવુ એટલે શું ?<br>(A) લેખન (B) મૂકવાચન (C) મુખવાચન (D) અનુલેખન |
| 164 | મુક્ત અને સર્જનાત્મક અભિવ્યક્તિનું માપન કયા પ્રશ્નો દ્વારા કરી શકાય છે ?<br>(A) ટૂંક જવાબી (B) વૈકલ્પિક પ્રકારના (C) નિબંધ પ્રકારના (D) ખાલી જગ્યા પ્રકારના |
| 165 | હર્બાર્ટએ આપેલા પાઠ આયોજનના પાંચ પગથિયા પૈકી પ્રથમ પગથિયુ કયુ છે ?<br>(A) હેતુકથન (B) વિષયનિરૂપણ (C) પૂર્વ તૈયારી/તૈયારી (D) પુનરાવર્તન |
| 166 | માઈક્રોટીચિંગ અને સ્ટ્રે લેસન (છૂટા પાઠ)ને જોડતી કડી કઈ છે ?<br>(A) સિમ્યુલેશન (B) પાઠ આયોજન (C) દૈનિક આયોજન (D) એકમ આયોજન |
| 167 | વિદ્યાર્થીઓની શૈક્ષણિક નબળાઈ [illegible] જાણવા માટે કઈ કસોટી ઉપયોગી છે ?<br>(A) સિદ્ધિ કસોટી (B) નિદાન કસોટી (C) પ્રમાણિત કસોટી (D) અભિયોગ્યતા કસોટી |
| 168 | ઉદાહરણોને આધારે તર્ક કરી સામાન્યીકરણ કરીને સિદ્ધાંત, નિયમ, સૂત્ર કે વ્યાખ્યા તારવવાની પદ્ધતિ કયા નામથી ઓળખાય છે ?<br>(A) જૂથચર્ચા પદ્ધતિ (B) આગમન પદ્ધતિ (C) નિગમન પદ્ધતિ (D) [illegible] પદ્ધતિ |
| 169 | માઈક્રોટીચિંગની શરૂઆત અમેરિકાની કઈ યુનિવર્સિટીમાંથી થઈ હતી ?<br>(A) શિકાગો યુનિવર્સિટી (B) સ્ટેનફર્ડ યુનિવર્સિટી<br>(C) એવલોન યુનિવર્સિટી (D) [illegible] યુનિવર્સિટી |
| 170 | નીચેનામાંથી કોણ માત્ર સંખ્યાત્મક હોય છે ?<br>(A) મૂલ્યાંકન (B) માપન (C) પ્રક્રિયા (D) [illegible] |

Adda247